### કચ્છના દરિયા કિનારે આવેલા જૈન તીર્થધામ

# ભદ્રેશ્વરમાં ગરીબ બાળકોને મફત શિક્ષણ આપતું અદાણી વિદ્યામંદિર



કચ્છની દરિયાઈ પટ્ટી પર આવેલા જૈનોના તીર્થ તરીકે ઓળખાતા માછીમારોના નાના બંદર તરીકે જાણીતા ભદ્રેશ્વર અને આજુબાજુનાં ૭ જેટલા ગામોમાં શિક્ષણથી વંચિત ગરીબ બાળકોને સુશિક્ષિત કરવા ત્રણ વર્ષ પહેલાં અદાણી ફાઉન્ડેશન સંસ્થા દ્વારા અદાણી વિદ્યામંદિર નામની શાળા શરૂ કરવામાં આવી હતી જ્યાં વાર્ષિક ૧.૫૦ લાખથી ઓછી આવક હોય તેવા પરિવારોનાં બાળકોને સંપૂર્ણ નિઃશુલ્ક શિક્ષણ પૂરું પડાય છે.

સંસ્થાએ ભાડાના મકાનમાં ધો. ૧ થી ૩ના વર્ગો શરૂ કરેલા જેમાં માત્ર ૧૨૦ વિદ્યાર્થીઓ અને ૬ શિક્ષકો હતા પરંતુ ભદ્રેશ્વરના એક દાતાએ અદાણી ફાઉન્ડેશન સાથે વાતચીત કરી અને શાળા માટે જમીનનું દાન કર્યું જેના પગલે આ સ્થળે અદાણી વિદ્યામંદિરનું બાંધકામ કરાયું ને એના પરિણામે ૨૦૧૪-૧૫માં આ વિદ્યામંદિરમાં ધો. ૧ થી ૮માં કુલ ૩૫૯ ગરીબ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ સંખ્યા આગલા વર્ષે ૪૦૦થી પણ વધી જશે એવું અનુમાન છે.

આ શિક્ષણ તીર્થની વિશેષતા એ છે કે જે ગામોનાં બાળકો અહીં શિક્ષણ મેળવે છે તે ગામોમાં ૫૦ ટકા હિંદુ અને ૫૦ ટકા મુસ્લિમો છે પણ ધર્મ કે જ્ઞાતિનું અહીં કોઈ મહત્ત્વ નથી. ઊંચ-નીચનો પણ ભેદભાવ નથી. તેથી બધાં બાળકો હળીમળીને હસતા-રમતા શિક્ષણ મેળવે છે. આવા વાતાવરણમાં ભણવા મળતા ગરીબ વિદ્યાર્થીઓની પ્રતિભા વધુને વધુ ખીલતી જાય છે. શિક્ષણ ઉપરાંત અન્ય કળાઓ પણ શીખવાની તક મળતાં થોડા સમય પહેલાં રમેશ અને રફીક નામના વિદ્યાર્થીઓએ ભેગા મળીને હસ્તકળા પ્રદર્શનની સ્પર્ધામાં રંગો અને થર્મોકોલ વડે એક કલાકૃતિ બનાવેલી જેની વિશેષતા એ હતી કે એ કલાકૃતિમાં એક ઉપર મંદિરનો ઘુમ્મટ હતો અને બીજામાં મસ્જિદનો ગુંબજ હતો. કલાકૃતિમાં પ્રવેશવાનો દરવાજો એક જ હતો જેના પર લખ્યું હતું, 'સબ કા માલિક એક'. આ કલાકૃતિ બંને કોમોને જીવનભર જોડવાનો એક પ્રકારનો શ્રદ્ધાસેતુ હતો.

> શાળામાં ૫૦ ટકા હિંદુ અને ૫૦ ટકા મુસ્લિમોનાં બાળકો અભ્યાસ કરે છે. આ બાળકોને શાળાથી તમામ સગવડ મળે છે

આ અદાણી વિદ્યામંદિરમાં હસ્તકલા ઉપરાંત અન્ય હુનર પણ શીખવાડાય છે. ઈ-લર્નિંગ ડીલાઈટ, એસી પુસ્તકાલય, કમ્પ્યુટર લેબ, વિજ્ઞાન પ્રયોગશાળા, સ્પોર્ટ્સનું મેદાન, રમત-ગમતનાં સાધનો, ડાઈનિંગ હોલ, મેડિકલ ચેકઅપ જેવી સુવિધાઓ પણ છે. અહીં કોઈ ફી તો નથી જ પણ પાઠ્ય પુસ્તકો કે નોટબુકનો પણ ખર્ચ નથી. એટલું જ નહીં ગણવેશ, ભોજન કે નાસ્તા માટે પણ કોઈ ખર્ચ કરવાનો નથી ને બદલામાં ગુણવત્તાસભર શિક્ષણ અને સંસ્કારોનું ભાથું પ્રાપ્ત કરવા મળે છે.

અદાણી ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. પ્રીતીબેન અદાણી છે જ્યારે તમામ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સંચાલન શિક્ષણવિદ્ ડૉ. ભદાયુ વચ્છરાજાની સંભાળે છે.